આખો રમજાન માસ ત્યારબાદ ઈદ પણ દૂષિત પાણીમાં ઉજવવી પડી હોવાના આક્ષેપ

ઉનાળામાં ગરમીના લીધે ઉકળાટ પીવાના પાણી માટે કકળાટ

હાથીખાનાવિસ્તારમાંપાણીની સમસ્યા સામે વિરોધ પ્રદર્શન

ગેંડા ફળિયાના રહેવાસીઓ દૂષિત પાણીને લઈને રસ્તાઓ પર ઉતરી આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા શહેરના હાથીખાના ગેંડા ફળિયાના રહેવાસીઓ આજે તેમના વિસ્તારમાં સ્વચ્છ અને પૂરતા પીવાના પાણીની અછત સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. પ્રદર્શન ઉગ્ર બન્યું કારણ કે પ્રદર્શનકારીઓએ રસ્તાઓ બ્લોક કરી દીધા હતા, જેના કારણે ટ્રાફિક ખોરવાઈ ગયો હતો અને તેમની દુર્દશા તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું.

પ્રદર્શનકારીઓએ આરોપ લગાવ્યો હતો કે વારંવાર ફરિયાદો કરવા છતાં, અધિકારીઓ તેમને પૂરતું અને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવામાં નિષ્ફળ રહ્યા છે. આ પહેલી વાર નથી જ્યારે વડોદરામાં પાણીની સમસ્યાને કારણે વિરોધ થયો હોય. ભૂતકાળમાં, નાગરવાડા વિસ્તારના રહેવાસીઓ પણ દૂષિત પીવાના પાણીને લઈને રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા .

પરિસ્થિતિને કાબુમાં લેવા અને વધુ વકરી ન જાય તે માટે પોલીસ કર્મચારીઓ સ્થળ પર દોડી ગયા હતા. ત્યાર બાદ પાલિકાના અધિકારીઓ ને પણ સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. અધિકારીઓએ હજુ સુધી પ્રદર્શનકારીઓની માંગણીઓનો જવાબ આપ્યો નથી, પરંતુ પોલીસની હાજરીએ તણાવપૂર્ણ વાતાવરણ ને રોક્યું હતું. અને ટ્રાફિક વ્યવસ્થા ને રાબેતા મુજબ કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનિય છે કે, વિરોધ ચાલુ હોવાથી, અધિકારીઓ રહેવાસીઓની ફરિયાદોનું નિરાકરણ કેવી રીતે લાવશે અને તેમને સ્વચ્છ અને પૂરતું પીવાનું પાણી મળે તેની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

ફતેપુરામાં દૂષિત પાણી પ્રશ્ને ચક્કાજામ,પોલીસદોડતીથઈ

ફતેપુરા પાંજરીગર મહોલ્લા સહિતના વિસ્તારમાં દૂષિત પાણીની સમસ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

શહેરના ફતેપુરા પાંજરીગર મહોલ્લા ની મહિલાઓ આજે જાહેર માર્ગ ઉપર ઉતરી આવી હતી. છેલ્લા ઘણા સમયથી દૂષિત પીવાનું પાણી આવી રહ્યું છે. નાના બાળકો બીમાર પડ્યા છે. રજૂઆત સાંભળવામાં નહીં આવતા આખરે ના છૂટકે આજે મહિલાઓએ રસ્તા પર ઉતરી આવીને ચક્કાજામ કર્યું હતું. જેના કારણે પોલીસ તંત્ર પણ દોડતું થયું હતું. ડીસીપી પન્ના મોમાયા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને સ્થાનિક લોકોને સમજાવવાની ફરજ પડી હતી. ત્યારબાદ પોલીસે રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. સ્થાનિક મહિલાઓનું કહેવું છે અમે આખો રમજાન માસ આવા પાણી પીને હેરાન થઈ ગયા છે, તમને લોકોને જો અમે આ પાણી આપીશું તો તમે શું પીશો ? કોઈપણ માણસ આવું પાણી પી ન શકે. આખા રમજાન મહિનામાં આ ગંદુ પાણી આવ્યું છે. અહીંયા નાના બાળકો જમનાબાઈ હોસ્પિટલમાં દાખલ થયા છે. ઝાડા ઉલટી જેવો રોગચાળો અહીંયા ફેલાઈ ગયો છે. અને પૈસા પણ ક્યાંથી લાવીશું. અમે વેરા ભરીએ છીએ. ગત વર્ષે પણ રમજાન મહિનામાં અમારી આ જ સમસ્યા હતી. આજે ઈદ પણ ગઈ અમારો તહેવાર પણ અમે આવો પાણી વગર ઉજવવો પડ્યો. અમારી માંગણી એક જ છે કે પાણી જોઈએ અને પૂરતા પ્રેશરથી જોઈએ તેમ આશિયા શેખે જણાવ્યું હતું. દસ દિવસ પહેલા સાહેબ આવીને જોઈને ગયા આ પાણીનો બોટલ જોઈને ગયા છે, પણ દસ દિવસમાં કોઈ કાર્યવાહી કરી નથી હજી દૂષિત આવી રહ્યું છે. આખો રમજાન એના પછી અમારી ઈદ દૂષિત પાણીમાં ગઈ છે.

ફતેગંજમાં ગંદા પાણીની સમસ્યાથી નાગરિકો પરેશાન

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં ગંદા પાણીની સમસ્યાથી નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે વડોદરા શહેરના રાણાવાસ, ગોલવાડ તેમજ આસપાસના કેટલાક વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસથી પીવાનું પાણી કાળુ અને ગંદુ આવવાનું શરૂ થયું છે જેના કારણે સ્થાનિક લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. જેમાં પાણીમાંથી દુર્ગંધ આવતી હોવાની અને રંગ કાળો હોવાની ફરિયાદો આવી રહી છે. કાળુ અને ગંદુ પાણી આવા ને પગલે સ્થાનિક લોકોને પેટની તકલીફ, ઉલટી, અને તાવ જેવી સમસ્યાઓ પણ જોવા મળી રહી છે. લોકો પીવાની પાણી બજારમાંથી ખરીદવા મજબૂર થઈ રહ્યા છે. આ મામલે સ્થાનિક લોકો દ્વારા મ્યુનિસિપલ કાઉન્સિલર અને વોટર સપ્લાય વિભાગની અનેક ફરિયાદો કરવામાં આવી છે જોકે હજી સુધી પણ કોઈ કાર્યવાહી આવી નથી. અધિકારીઓના મુજબ પાણીની લાઈનમાં ક્યરો ભરવા અથવા લીકેજના કારણે આ સમસ્યા ઊભી થઈ હોય એમ જણાઈ રહ્યું છે. ત્યારે પાણીથી બાજે પાણી નીકળ્યો અને પાઇપલાઇનની સફાઈ કરવા માટે કામગીરી શરૂ કરવાનો દવા કર્યો છે. ત્યારે ફતેગંજ વિસ્તારના રહીશોમાં બંધ કરી રહ્યા છે કે તંત્ર આ પરિસ્થિતિનું તરત નિરાકરણ લાવે જેથી કરીને તેઓને સ્વચ્છ અને પીવાનું પાણી મળી રહે.

કોર્પોરેશનની બેદરકારીના લીધે ગંદુ અને ગંધાતું બની ગયું

૩.6.50 કરોડના ખર્ચે બ્યુટીફિકેશન બાદ પણ સિધ્ધનાથ તળાવની દુર્દશા

લીલ જામતા ગંદકીનું સામ્રાજ્ય, સ્થાનિકોએ તળાવની તકેદારી લેવા રજૂઆત કરી હોવા છતાં તંત્રનું મૌન

(પ્રતિનિધી) વડોદરા, તા.1

વડોદરા શહેરની મધ્યમાં આવેલું સિધ્ધનાથ તળાવ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીના લીધે ગંદુ અને ગંધાતું બની ગયું છે. તળાવના પાણી પર લીલની ચાદર છવાઈ ગઈ છે. વોર્ડ નંબર 13 ના કોંગ્રેસના સિનિયર કોર્પોરેટરના કહેવા મુજબ આશરે 6.50 કરોડના ખર્ચે બ્યુટીફિકેશનની કામગીરી કર્યા પછી પણ તળાવની આ હાલત છે.

વડોદરામાં ગત ચોમાસામાં ભારે વરસાદ પડ્યો હોવા છતાં તળાવ ભરાયું ન હતું. લોકોને ના પાડવા છતાં તળાવમાં પૂજાપો ફેંકી જાય છે. લોકો ચાલુ વાહને ઉપરથી કચરો ફેંકીને જતા રહે છે. તળાવમાં અંદર ઉતરીને સફાઈ કરવામાં આવતી નથી. તળાવમાં ફટકડી નાખવા તેમજ શુદ્ધ પાણી માટે બે બોર બનાવવા રજૂઆત કરવામાં આવી હતી, કારણ કે ચોમાસાનું ઉપરથી પાણી પડે તે સિવાય તળાવમાં પાણીની બીજી કોઈ આવક નથી. ફુવારો બનાવવાનું પણ કહેવાયું છે. જેથી પાણીનું હલનચલન થાય. અગાઉ પાણી ઉપર જામેલી લીલ સાફ કરવામાં આવતી હતી. ફટકડી નાખવામાં આવતી હતી. હવે આ બધું બંધ કરી દેવામાં આવ્યું છે. આ અંગે વિસ્તારના લોકોએ તળાવની તકેદારી લેવા લેખિત તેમજ મૌખિક રજૂઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી.

ફોકસ લાઈટિંગ એન્ડ ફિક્સ્ચરને 15 કરોડનો મોટો ઓર્ડર મળ્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.1

વડોદરા- ફોકસ લાઈટિંગ એન્ડ ફિક્સ્ચર લિમિટેડ (NSE - FOCUS), જે એલઈડી લાઈટ્સ અને ફિક્સ્ચરના મેન્યુફેક્ચરિંગ અને નવીન લાઈટિંગ સોલ્યુશન્સ સાથે સંકળાયેલ છે, તેને રેલોટો ઓટોમેશન સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ તરફથી મહત્વપૂર્ણ ઓર્ડર મળ્યો છે. કંપનીએ લાઈટિંગ અને ફિક્સ્ચરના મેન્યૂફેક્ચરિંગ, સપ્લાય અને ડિલિવરી માટે રેલોટો ઓટોમેશન સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ તરફથી 14.59 કરોડ (જીએસટી સિવાય)નો ઓર્ડર મેળવ્યો છે. આ ઘરેલૂ કોમર્શિયલ ઓર્ડર આગામી વર્ષ દરમિયાન અમલમાં મૂકવામાં આવશે. આ કોન્ટ્રાક્ટ વિવિધ એપ્લિકેશનોને અનુરૂપ ઉચ્ચ-ગુણવત્તાવાળા, તકનીકી રીતે અદ્યતન લાઈટિંગ સોલ્યુશન્સ પહોંચાડવામાં કંપનીની કુશળતા પર ભાર મૂકે છે. ચોકસાઈ અને ટકાઉપણા પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે, આ ઓર્ડર ફોકસ લાઈટિંગના આવક પ્રવાહમાં વધારો કરશે.

અજય દિનેશ સોલંકીની ધરપકડ

છાણી સોખડા રોડ પર છરા સાથે એક ઈસમ ઝડપાયો

તળાવ પાસે આવેલ મસ્જિદ સામે રોડ પર ફરતો શકમંદ ઇસમ જોવા મળતા તપાસ શરૂ

પોલીસને વધુ શંકા પડતા તેને કોર્ડન કરી ઉભો રાખી પૂછપરછ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 01

છાણી પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ પેટ્રોલિંગમા હતા તે દરમિયાન છાણી સોખડા રોડ પર તળાવ પાસે આવેલ મસ્જિદ સામે રોડ પર ફતરતો શકમંદ ઇસમ જોવા મળતા તેની તપાસ કરતા તેની પાસેથી કમરના ભાગેથી ધારદાર છરો મળી આવતા પોલીસે પૂછપરછ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, છાણી પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ મંગળવારે બપોરે પેટ્રોલિંગમા હતા તે દરમિયાન છાણી સોખડા રોડ તળાવ પાસે મસ્જિદ સામે રોડ પર એક ઈસમ શકમંદ હાલતમાં જણાઈ આવતાં તે ઈસમ પોલીસ કર્મચારીઓ જોઈને ઉતાવળે ડગલાં ભરીને જતો હોય પોલીસને વધુ શંકા પડતા તેને કોર્ડન કરી ઉભો રાખી પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ અજયકુમાર દિનેશભાઈ સોલંકી હોવાનું જણાવ્યું હતું સાથે જ તે મકાન નંબર- 73, નવદુર્ગા સોસાયટી, ઈન્દિરાનગરી દશરથ ગામનો હોવાનું જણાવ્યું હતું તેની અંગજડતી કરતા તેના કમરના ભાગે પેન્ટમાં ધારદાર છરો જે સિલ્વર કલરની રામપુરી ચપ્પુ જે રીતે ખુલે છે તેવું 13 સેન્ટિમીટર લાંબુ ચપ્પુ વચ્ચે ત્રણ હોલ ધરાવતું મળી આવ્યું હતું. જેથી પોલીસે હથિયારબંધી જાહેરનામાંના ઉલ્લંઘન બદલ ચપ્પુ કબજે કરી અજય દિનેશભાઈ સોલંકી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

શિક્ષણ મહામંડળ દ્વારા શિક્ષણ મંત્રી રજૂઆત કરવામાં આવી

અનુદાનિત શાળાઓમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા શરૂ કરવા માંગ

જૂન-2024થી 230 જેટલા નવીન વર્ગોની મંજુરી મળતા 400 સહિત 1600 જેટલી અંદાજીત જગ્યાઓ ખાલી પડી

(પ્રતિનિધી) ?વડોદરા,તા.1

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા રાજ્યના શિક્ષણ મંત્રીને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા કરવા માંગ કરવામાં આવી હતી.

હાલમાં ભરતી પસંદગી સમિતિ દ્વારા સરકારની સૂચના અનુસાર ભરતી પ્રક્રિયા શરુ છે. ત્યારે, ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓના હિતમાં મહેકમ મુજબ શિક્ષકો ભરાય અને શાળાઓમાં શિક્ષકોની જગ્યા ખાલી ન રહે તે બાબતે સરકાર કક્ષાએથી જરૂરી સૂચનાઓ કરવામાં આવી છે, હાલ ચાલતી ભરતી પ્રક્રિયાની શરૂઆત તા.30 ઓગષ્ટ 2024 પહેલા શરુ થઈ હતી. તે વખતે શાળાઓ પાસે તા.30 ઓગષ્ટ 2024 સુધીની જ ખાલી જગ્યાઓ માંગવામાં આવી હતી. આ સુધીની સ્થિતિએ અનુદાનિત શાળાઓમાં 13,600 જેટલી અંદાજીત જગ્યાઓ ખાલી હતી. ભરતી પસંદગી સમિતિ દ્વારા હાલમાં 4800 શિક્ષણ સહાયક તેમજ જૂના શિક્ષકની ખાલી રહેલ જગ્યાઓ શિક્ષણ સહાયક તરીકે રૂપાંતરિત કરેલ 1839 એમ કુલ.6639 અંદાજીત શિક્ષણ સહાયકની ભરતી થનાર છે. ત્યારે, ભરતી પ્રક્રિયા શરુ થયા પછી શાળાઓમાં તા.31 ઓક્ટોમ્બર 2024 ની નિવૃતિની 1193 તેમજ જૂન-2024થી 230 જેટલા નવીન વર્ગોની મંજુરી મળતા 400 એમ મળી 1600 જેટલી અંદાજીત જગ્યાઓ ખાલી પડી છે, હજુ જૂન-2025 સુધીમાં ભરતી થવાની છે ત્યારે તા.31 મેં 2025 ની પણ 1000 જગ્યાઓ ખાલી પડશે. ત્યારે, આ બાબતે સરકાર કક્ષાએથી હાલ ચાલતી અનુદાનિત શાળાઓની ભરતી પ્રક્રિયામાં જૂન-2024થી આપેલ વર્ગ વધારા તેમજ તા.31 ઓક્ટોમ્બર 2024ની સ્થિતિએ નિવૃત્તિથી ખાલી પડેલ અંદાજીત કુલ.1600 જગ્યાઓને ભરતી પ્રક્રિયામાં સમાવિષ્ટ કરવા ઘટતી કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી હતી.

રેલવે પ્લેટફોર્મ નં.7 સામે ઈંડાની લારી પરથી ગેસ સિલિન્ડરની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 01.

શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.7 સામે આવેલ ઈંડાની લારી પરથી ગત તા.10-03-2025ના રોજ બપોરે ઈન્ડેન કંપનીના આશરે રૂ.2,500ની કિંમતના ગેસ સિલિન્ડર ની ચોરી અંગેની સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના પ્રિયલક્ષ્મી મીલની ચાલી ખાતે રહેતા મોહંમદ હફીજ મોહંમદ સલીમ શેખ સયાજીગંજ વિસ્તારમાં આવેલા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં7સામે મિજાન આમલેટ નામની લારી ચલાવે છે ગત તા.10માર્ચના રોજ બપોરે તે લારી બંધ કરી જમવા માટે ઘરે ગયો હતો તે દરમિયાન લારી પાસે મૂકેલ ઈન્ડેન ગેસનો 15કિ.ગ્રા.વજનનો ભરેલો સિલિન્ડર જેની આશરે કિંમત રૂ 2,500ની કિમતનો કોઈ ચોરી ગયો હતો.

આડા સંબંધનો વહેમ રાખી માર મારતાં પતિ વિરુદ્ધ ફરિયાદ

પતિ વર્ષ -2024 થી પત્ની પર વહેમ રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપતો

(પ્રતિનિધિ) વડોદરા તા. 01

શહેરના ડભોઈરોડ વૈષ્ણવ પાર્ક સોસાયટીમાં રહેતી યુવતી કોમલબેનના વર્ષ -2011મા ચિરાગ ભાનુભાઇ સોલંકી સાથે લગ્ન થયા હતા તેઓને સંતાનમાં એક દીકરી અને એક દીકરો છે. કોમલબેનના પતિ ચિરાગભાઈ વર્ષ -2024 ના ઓગસ્ટ માસથી પત્ની સાથે ઝઘડા કરી ખોટા વહેમ રાખી રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. 15 દિવસ પહેલાં આડા સંબંધની શંકાએ બંને વચ્ચે ઝઘડો થતાં કોમલબેન અટલાદરા સનફાર્મા રોડ ખાતે વુડાના મકાનમાં રહેતી મામાની દીકરી કુસુમબેન મુકેશભાઇ સોલંકીના ઘરે રહેવા જતા રહ્યા હતા. ગત 31 માર્ચે કોમલબેનની દીકરીએ ફોન કરી માતાને મળવાની ઈચ્છા વ્યક્ત કરતા કોમલબેન બપોરે 3 વાગ્યે પતિના ઘરે ગયા હતા જ્યાં બાળકો ટ્યુશને ગયા હતા અને પતિ ઘરે હતો જેણે પત્ની સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને ત્યાં પડેલા બેટથી પત્નીને ફટકારી "તું અહીં આવીશ તો તને જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી કોમલબેનને હાથ પગ અને કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી હતી જે અંગે પતિ વિરુદ્ધ કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી .કોમલબેને પંદર દિવસ પહેલાં કારેલીબાગ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ અરજી કરી હતી તે દરમિયાન પોલીસે કાઉન્સિલિગ કરતા લગ્નજીવન ન તૂટે માટે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. પરંતુ સોમવારે ફરીથી પતિએ ઝઘડો કરી માર મારતાં પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

સરકારની તિજોરી ભરતી કચેરીઓમાં જ અંધેર વહીવટ

જનસેવા કેન્દ્રમાં નાખેલા બધા જ એસી શોભાના ગાંઠિયા સામાન

છેલ્લા 5 થી 7 વર્ષથી એસી બંધ છે છતા તંત્રને જાણ સુદ્ધા નથી

(પ્રતિનિધિ) વડોદરા તા. 01

નર્મદા ભુવનના ભોંય તળિયે ધમધમતી જનસેવાની વિશાળ કચેરીમા સરકારી ખર્ચે નાખેલા બધા જ એસી બંધ હાલતમાં સડે છે. તદુપરાંત અડધા થી વધુ તો પંખા પણ બંધ થઈ ગયા છે.

રેશન કાર્ડ, આવકના દાખલા, 7 અને 12 ના ઉતારા અશાંતધારા ની અરજીઓ સહિતના સેકડો કામ માટે દિવસભર ધમધમતી જનસેવા કેન્દ્રની કચેરીમા દરરોજ હજારો અરજદારો અવર જવર કરે છે. જેની કામગીરી પેટે સરકારને લાખો રૂપિયાની આવક થાય છે છતાં પ્રજા માટે પાણી બેઠક વ્યવસ્થા પંખા અને એસીની સવલતોથી જ વંચિત રખાય છે. કાળજાળ ગરમીમાં શેકાઈને આવતા અરજદારો માટે પાણીની કોઈજ વ્યવસ્થા નથી. દુર દૂર થી આવતા વૃદ્ધો બાળકોને મહિલાઓ ઘર બપોરે પાણી માટે વલખા મારીને કચેરીની અંદર હોલમાં આવે ત્યારે તો વધુ પરેશાનીમાં અટવાઈ જાય છે. નજીવી બેઠક વ્યવસ્થાની ઉપર લગાવેલા પંખામાંથી અડધા પંખા બંધ હોય છે. વિશાળ હોલમાં લગાવેલા 6 થી 8 એર કન્ડિશન વર્ષોથી બંધ પડ્યા છે. પ્રજાને પૈસે તાગડધિન્ના કરતા સરકારી બાબુઓ ની ઓફિસમાં પંખા એસી ધમધમે જ્યારે એજ પ્રજા પંખા એસી વગર ભર ઉનાળે ટળવળે. સરકારનું આ ક્યાં પ્રકારનું સુશાસન? તેવો આક્રોશ આજે અનેક અરજદારો ઠાલવતા હતા.

ઉચ્ચ અધિકારીઓએ વર બપોરે એસી કેબિન છોડીને જન સેવાની મુલાકાત લે તો પ્રજાની હાલાકી અને પરેશાની ધ્યાને આવે. પ્રજા ના પરસેવાનો પૈસો જ પ્રજા માટે વાપરવાનો છે છતા તંત્ર કુંભકર્ણ જેવી નિંદ્રા મા લાગે છે તંત્રએ સત્વરે જનસેવાની મુલાકાત લઈને પ્રાથમિક સુવિધાઓનો પૂરી પાડવાની કામગીરી સત્વરે હાથ ધરવી જોઈએ.

કામગીરી ભીમનાથ તળાવને મૂળ સ્વરૂપમાં લાવવા 20 દિવસની સમયમર્યાદા કામ કરવાનું લક્ષ્ય

વિશ્વામિત્રી પ્રોજેક્ટ: દિવસ-રાત કામ કરતા કામદારો

પ્રોજેક્ટનો ઉદ્દેશ વિશ્વામિત્રી નદીની પાણી વહન ક્ષમતા વધારવાનો છે, જેનાથી શહેરમાં પૂરનું જોખમ ઘટશે

ફરીવાર પુરનો સામનો વડોદરા શહેરીજનોને નહીં કરવો પડે તેવી આશા

(પ્રતિનિધી) વડોદરા, તા.1

વડોદરા શહેરમાં પૂરની સ્થિતિને ઓછી કરવા માટે, અધિકારીઓએ નજીકના તળાવ અને વિશ્વામિત્રી નદીને ઊંડી, પહોળી અને સ્વચ્છ કરવા માટે એક વ્યાપક પ્રોજેક્ટ હાથ ધર્યો છે. વિશ્વામિત્રી પ્રોજેક્ટ યુદ્ધના ધોરણે અમલમાં મુકાઈ રહ્યો છે, તેનો હેતુ 20 દિવસની ચુસ્ત સમયમર્યાદામાં ભીમનાથ તળાવને તેના મૂળ સ્વરૂપમાં પુનઃસ્થાપિત કરવાનો છે.

કામદારો દિવસ-રાત કામ કરી રહ્યા છે. જેથી તળાવ અને નદીને કાદવ કાઢવા, ઊંડા કરવા અને પહોળા કરવા જેવા કાર્ય પૂર્ણ કરી શકાય. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ વિશ્વામિત્રી નદીની પાણી વહન ક્ષમતા વધારવાનો છે, જેનાથી શહેરમાં પૂરનું જોખમ ઘટશે.

અધિકારીઓને આશા છે કે વિશ્વામિત્રી પ્રોજેક્ટના સફળ પૂર્ણ થવાથી વર્ષોથી વડોદરા શહેરને સતાવતી પૂરની સમસ્યાનો કાયમી ઉકેલ મળશે. શહેરમાં વારંવાર પૂર અને પાણી ભરાવાની સમસ્યાનો સામનો કરતા રહેવાસીઓ આ પ્રોજેક્ટને લઈને ખૂબ આશાવાદ છે અને વિશ્વામિત્રી નદીનું કામ ચોમાસા પહેલા પૂર્ણ થાય અને વડોદરા શહેરને ફરીવાર પુરનો સામનો વડોદરા શહેરીજનોને ના કરવો પડે તેવી આશા છે.

SETઅને SITEEE 2025 માટે અરજીઓ ટૂંક સમયમાં બંધ થશે

(પ્રતિનિધી) વડોદરા, તા.1

સિમ્બાયોસિસ ઈન્ટરનેશનલ (ડીમ્ડ યુનિવર્સિટી) 12 એપ્રિલ, 2025 ના રોજ સિમ્બાયોસિસ એન્ટ્રન્સ ટેસ્ટ (SET) 2025 અને SITEEE (સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્જિનિયરિંગ એન્ટ્રન્સ એક્ઝામ) માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા બંધ કરવા જઇ રહી છે. SET અને SITEEE બંને યોગ્યતા-આધારિત, કમ્પ્યુટર-આધારિત ટેસ્ટ છે, જે સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ્સમાં BBA, BCA, BA, BSc અને B.Tech સહિત પૂર્ણ-સમયના UG પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે આયોજીત કરવામાં આવે છે. ઉમેદવારો બે ટેસ્ટ અટેમ્પટ પસંદ કરી શકે છે, જેમાં ઉચ્ચ સ્કોરને પર્સેન્ટાઈલ ગણતરી માટે ધ્યાનમાં લેવાશે. ઈચ્છુકોએ સત્તાવાર પોર્ટલ www.set-test.org ના માધ્યમથી તેમની અરજીઓ પૂરી કરવાની રહેશે.